વંચાણમાં :

1- જા.નં સસુખા/જબક/૧૦-૧૧/૨૯૯૭, ગાંધીનગર,તા-૦૯/૦૭/૨૦૧૦

2- જાનં/સસુખા/મકશ/૨૦૧૦-૧૧/૬૩૯, ગાંધીનગર, તા-૦૯/૦૭/૨૦૧૦

3- જા.નં/સસુખા/સીપીડી/૨૦૧૫-૧૬/૮૬૪, ગાંધીનગર, તા ૧૦/૦૪/૨૦૧૫

4- સામાજિક ન્યાય અને અધિકરિતા વિભાગનો ઠરાવ ક્રમાંક જજઅ//૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ, તા ૨૩/૧૨/૨૦૧૫

નં સસુખા/મકશ/સીપીડી/૧૫-૧૬/૮૯૨ ગાંધીનગરતા ૧૨/૦૨/૨૦૧૬

## આદેશ

ઉપરોકત વંચાણ-૧થી પંચોલી પ્રગતિગૃહ હળવદ,સુરેન્દ્રનગરના મહેકમને સ્ટાફ સાથે આપની સંસ્થા રાષ્ટ્રીય શિક્ષણ સેવા,હળવદમાં તબદીલ કરવામાં આવેલ. સંસ્થાને આપવામાં આવેલ અનાથ આશ્રમ તથા ફિટપર્સન વિભાગના મહેકમમાં અનાથ આશ્રમ વિભાગમાં ખાલી પડેલ ગૃહમાતાની જગ્યા ભરવા મંજૂરી આપવામાં આવેલ હતી.સંદર્ભ-૪ ભારત સરકારના હેઠળના ઠરાવથી ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board દ્વારા માન્ય કરાયેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી ૧૧ માસના કરાર આધારિત ધોરણે જગ્યા ભરવાની મંજૂરી મળતા અગાઉના તમામ મહેકમની મંજૂરીના આદેશ આથી રદ કરવામાં આવે છે અને વંચાણ-૪નાં ઠરાવ અન્વયે નીચે જણાવેલ એનેક્ષર-અ મુજબ, નીચેની શરતો આધિન સ્ટાફ ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

### એનેક્ષર-અ

| ક્રમ | હોદ્દો | કર્મચારી ની સંખ્યા | ચૂકવવાનુ માનદ વેતન (પ્રતિ.માસ) |
|---|---|---|---|
| ૧ | ઓફિસ ઇન્ચાર્જ (સુપ્રિન્ટેન્ડેન્ટ) | ૧ | ૨૫,૦૦૦/- |
| ૨ | પરામર્શક (કાઉન્સેલર) | ૧ | ૧૭,૫૦૦/- |
| 3 | પ્રોબેશન અધિકારી/ચાઇલ્ડ વેલફેર અધિકારી/કેસવર્કર | ૧ | ૧૭,૫૦૦/- |
| ૪ | હાઉસમધર કે હાઉસફાધર (ગૃહમાતા કે ગૃહપિતા) | ૨ | ૧૧,૦૦૦/- |
| ૫ | પેરામેડીકલ સ્ટાફ | ૧ | ૯,૦૦૦/- |
| ૬ | સ્ટોર કિપર કમ એકાઉન્ટન્ટ | ૧ | ૧૪,૦૦૦/- |
| ૭ | કુક(રસોઇયા) | ૧ | ૭,૫૦૦/- |
| ૮ | હેલ્પર | ૧ | ૬,૦૦૦/- |
| ૯ | હાઉસકીપર | ૧ | ૬,૦૦૦/- |
| ૧૦ | M.B.B.S ડોકટર પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક) | ૧ | રૂ ૧૫૦૦/-(રાજય સરકારના) |

12

શરતો-

1 ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેકશન સ્કીમ(ICPS) મુજબ કરાર આધારિત મહેકમ માટે મંજૂર થયેલ તેમજ વખતો વખત સુધારા સહિતના નીતિનિયમો મુજબ અમલવારી કરવાની રહેશે.

2 જિલ્લા કક્ષાએ માન.કલેકટરશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમના ચેરમેન હોવાથી તેઓના અધ્યક્ષ સ્થાને કર્મચારીઓની નિમણૂંક અંગે પસંદગી સમિતિની રચના કરવાની રહેશે. જેમાં જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી અને સંસ્થાના વડા/પ્રતિનિધિ સભ્ય તરીકે રહેશે. આ અંગેની સઘળી કામગીરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ હાથ ધરવાની રહેશે.

3 અનુક્રમ નં.૧ થી ૬ની વર્ગ-૩ની કરાર આધારિત જગ્યાઓ જાહેરાત આપીને તથા અનુક્રમ નં.૭ થી ૯ વર્ગ-૪ની સમકક્ષ જગ્યાઓ જિલ્લા કલેકટરશ્રી દ્વારા માન્ય કરેલ આઉટસોર્સ એજન્સીથી ભરવાની રહેશે. સરકારશ્રી/ નિયામકશ્રી દ્વારા ક્રમ-૧ અથવા ક્રમ-૩ પર સરકારી અધિકારીની ડેપ્યુટેશન પર નિમણૂંક કરવામાં આવે તો કરાર આધારિત મહેકમનો અંત લાવી ડેપ્યુટેશન પર મુકાયેલ અધિકારીને ફરજ પર હાજર કરવાના રહેશે.

4 સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવની જોગવાઇ મુજબ વર્ગ-૩ના કર્મચારીઓને નિમણૂંક સમયે કોમ્પ્યુટરની જાણકારી હોવી જરૂરી છે.

5 વર્ગ-૩,૪ ની જુદી જુદી જગ્યાઓ માટે નક્કી કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારને નિમણૂંક આપવાની રહેશે.

6 મંજૂર થયેલ મહેકમના પગાર ભથ્થા પર સંકલિત બાળ સુરક્ષા યોજનાની જોગવાઇ મુજબ ૧૦% ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે.ઉપરોકત પગાર/ભથ્થામાં સરકારશ્રી વખતોવખત કર્વામાં આવનાર સુધારા અમલી બનાવવાના રહેશે.

7 આ સાથે સામેલ કરારખત પત્ર મેળવી લેવાનુ રહેશે.

8 સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૫/૧૨૨૩/ક તા. ૦૬/૧૧/૨૦૧૫થી જણવ્યા મુજબ વર્ગ-૩ની ભરતી પ્રક્રિયા કરવાની રહેશે.

9 પસંદગી થયેલ કર્મચારીની નિમણૂંકની બહાલી ~~જિલ્લા કલેકટર~~શ્રી પાસેથી મેળવી લેવાની રહેશે.

10 મંજૂર કરવામાં આવેલ મહેકમ મુજબના સ્ટાફની ભરતી ત્રણ માસનાં સમયગાળામાં કરવામા નહી આવે તો આપેલ મંજૂરી આપોઆપ રદ થયેલ ગણાશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય ગાંધીનગર

બિડાણ- 1- સામાન્ય વહીવટ વિભાગના ૧૩/૦૮/૨૦૦૮ ઠરાવની નકલ.
2- સામા.ન્યાય.અને.અધિના તા-૨૩/૧૨/૨૦૧૫ ઠરાવની નકલ.
3- સામાન્ય વહીવટ વિભાગના ૦૬/૧૧/૨૦૧૫ ઠરાવની નકલ.

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટી ,
રાષ્ટ્રીય શિક્ષણ સેવા પ્રતિષ્ઠાન હળવદ,ગુરુકુલ પરિસર
સારા રોડ હળવદ
જિલો સુરેન્દ્રનગર–૩૬૩૩૩૦

નકલ રવાના:-(૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે
(૨) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,મોરબીને જાણ તથા સત્વરે કાર્યવાહી કરવા સારૂ
(૩) જિલ્લા બાળ સુરક્ષા અધિકારી,મોરબીને જાણ તથા સતવરે કાર્યવાહી કરવા સારૂ.

D:\PWD\Kalpesh Kvp\Pay.Docx